હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



જો, એક વખત ઢોર પકડ પાર્ટી પાસે પકડાઇ જા... એને પણ તને છોડી જ દેવી પડશે... છુટ્યા પછી તારા માથા પર રખડતા ઢોરનુ લેબલ નહી લાગે...!!

કોબા પાર્શ્વનાથ સોસાયટી ખાતે મહિલા આચાર્યનો ગળેફાંસો ખાઈ આપઘાત

ઘરમાંથી દુર્ગંધ આવતા પાડોશીઓએ પોલીસને જાણ કરી, ગત તા.૩૦ ઓગસ્ટથી ગુમ થવા અંગે હળવદ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૫

મોરબીના હળવદ તાલુકાના મેરૂપર ગામની માધ્યમિક શાળાના મહિલા આચાર્યએ સ્યુસાઈડ નોટ લખી કોબા પાર્શ્વનાથ સોસાયટી ખાતે ઘરમાં સાડી વડે ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી. ઘરમાં દુર્ગંધ આવતા પાડોશીઓએ પોલીસને જાણ કરતા અડાલજ પોલીસ બનાવ સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. જયારે મહિલા આચાર્ય ગત તા.૩૦ ઓગસ્ટના રોજ ગુમ થવા અંગે હળવદ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હોવાનું ધ્યાને આવ્યું છે. મહિલા આચાર્ય એ આપઘાત કરતા કોબા વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર કોબાની પ્રાશ્વનાથ સોસાયટીના એક મકાનમાંથી અતિશય દુર્ગંધ આવી રહી હતી. જેથી પાડોશીઓએ પોલીસને જાણ કરી હતી. જેને પગલે અડાલજ પીએસઆઈ એસ.આર.ડામોર, તેમજ ટીમના મહેશભાઈ, અરવિંદભાઈ સહિતના કર્મચારીઓ સોસાયટી ખાતે દોડી ગયા હતા. જે ઘરમાંથી દુર્ગંધ આવી રહી હતી તે ઘરના દરવાજો ખુલ્લો હતો અને જાળી અંદરથી બંધ હતી. પોલીસે ઘરની જાળી ખોલી અંદર પ્રવેશ કરતા જ રૂમમાં પંખા સાથે સાડી વડે ગળેફાંસો ખાધેલી હાલતમાં મહિલાનો મૃતદેહ લટકી રહ્યો હતો. બે ત્રણ દિવસ પહેલા મહિલાએ ગળેફાંસો ખાઈ લેતા મૃતદેહ વિકૃત થઈ ગયો હતો. બનાવ અંગે સુત્રોના કહેવા મુજબ કોબા પાર્શ્વનાથ સોસાયટી ખાતે રહેતા ૪૦ વર્ષિય આશાબેન કાળુભાઈ વાઢેર હળવદના વતની હતા અને ગાંધીનગર ખાતે એકલા રહેતા હતા.જયારે તેમના માતા અને બે ભાઈઓ વતનમાં રહે છે. જયારે આશાબેન હળવદના મરૂપર ગામની આરએમએસએ સરકારી માધ્યમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ પર કાર્યરત હતા. ગત તા.૩૦ ઓગસ્ટના રોજ આશાબેન નોકરીએ ગયા હતા. ત્યારબાદ આશાબેન નોકરી પર પરત ફર્યા નથી.જયારે ગત તા.૩૦ પછી આશાબેન સાથે સંપર્ક પણ થઈ શક્યો નથી જેને પગલે વતનમાં રહેતા પરિવારના સભ્યોએ હળવદ ખાતે ગુમ થવા અંગેની ફરીયાદ પણ આપી હતી. જયારે ગઈકાલે આશાબેનનો મૃકદેહ લટકતી હાલતમાં જોવા મળતા પરિવારના સભ્યોને પણ જાણ કરી દેવામાં આવી હતી. વધુમાં પોલીસ સુત્રોએ કહ્યું હતુ કે મહિલા આચાર્યએ અન્ય સમાજના યુવક સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. પરંતુ પતિ સાથે મનમેળ નહી આવતા પાંચ વર્ષથી છુટાછોડ લીધા હતા. ત્યરાબાદ આશાબેન એકલવાયુ જીંદગી જીવી રહ્યા હતા. આપઘાત કરતા પહેલા આશાબેને લખેલી સ્યુસાઈડ નોટ પણ મળી આવી છે. જેમાં તેમણે ઉલ્લેખ કર્યો છે કે હું મારી મરજીથી આપઘાત કરી રહી છું જેના માટે કોઈ જવાબદાર નથી. પોલીસે સ્યુસાઈડ નોટ કબ્જે કરી છે.જયારે પોલીસે મૃતદેહ પીએમ અર્થે મોકલી આપી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના વેરીફીકેશનની ચાલી રહેલી કામગીરી અંગે રાજયના કૃષિ નિયામકે આજે જિલ્લાના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૫૪૯ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- ગાંધીનગર પથિકાશ્રમની બાજુમાં એક સાથે ત્રણ બસનો અકસ્માત થયાની ઘટના બની હતી.
- દહેગામ અને નરોડામાં લોખંડના ફર્માની ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે.
- મહિલા બાળ વિભાગ અને યુનિસેફના સંયુક્ત ઉપક્રમે માહિતી ખાતાના કર્મયોગીઓ મોટ પોષણ અભિયાન અંગે કાર્યશાળા યોજાઈ હતી.
- દહેગામ તાલુકા અને શહેર આંગણવાડી તથા તેડાગર બહેનો આંદોલનનો નિર્ણય કરી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો નિર્ણય કર્યો છે.
- ગ્રામસેવક વર્ગ-૩ની ૧૫૭૧ જગ્યા માટેનું આજે ફાયનલ પરિણામ જાહેર થયુ છે.
- ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકરજીએ ગઈકાલે ચ-૩ ખાતે શરૂ કરાયેલ સેવા કેન્દ્રની મુલાકાત લીધી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે ગરમીનો પારો ૩૪ ડિગ્રીએ પહોંચ્યો હતો અને લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.
- આગામી ૮ અને ૯ ના રોજ રાજ્યમાં વરસાદનો એક રાઉન્ડ થવાનું હવામાન-પૂર્વાનુમાન છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે ભાજપ-કોંગ્રેસના સભ્યો એક સાથે નજરે પડ્યા હતા.
- ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલે આજે શાખાધિકારીઓ સાથે સાપ્તાહિકી સમીક્ષા બેઠક યોજાઈ હતી.
- ગાંધીનગર મનપામાં આજે નેશનલ ગેમ્સની તૈયારીઓ માટેની સમીક્ષા બેઠક કમિશનરે યોજી હતી.

વર્લ્ડ ફિઝિયોથેરાપી દિન નિમિત્તે સેક્ટર-૨૧ ખાતે ફિઝિયોથેરાપી કેમ્પનું નિઃશુલ્ક આયોજન

ગાંધીનગર,તા.૦૫

વર્લ્ડ ફિઝિયોથેરાપી દિવસ નિમિત્તે મિલાપ ટાટારિઆ દ્વારા આયોજિત, ડૉ. નિધિ ફિઝિયોવર્લ્ડ નાં સહયોગથી રી-હેબીલેશન સેન્ટર, સેક્ટર-૨૧ ખાતે તા. ૭મી અને ૮મી સપ્ટેમ્બર નાં રોજ સવારે ૧૦:૦૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ફિઝિયોથેરાપી કેમ્પનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પનાં દિવસે સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપીસ્ટનાં નિષ્ણાંત ડૉ. નિધિ લેકિનવાલા દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. આ કેમ્પમાં ગરદન, કમર, ખભા તેમજ ઘૂંટણનાં દુઃખાવા, રમત-ગમત દરમિયાન થતી ઈજાઓ અને તેનાં પછીની સારવાર, ફરતો વા, સાંધામાં ઘસારાની સારવાર વગેરે... જેવા અદ્યતન મશીનોની મદદથી પ્રેક્ટિકલી સારવાર આપવામાં આવશે.

ઇ.સી.ડી.સી. ટ્રસ્ટ દ્વારા શાહપુર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને દફ્તરનું વિતરણ

ગાંધીનગર,તા.૦૫

એન્વાયરમેન્ટ કેર એન્ડ ડેવલોપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરની શાહપુર પ્રા. શાળામાં ધોરણ ૨ થી ૫ ના બાળકોને દફતર વહેંચવામાં આવ્યા હતા. ટ્રસ્ટનાં કાર્યકર્તાઓ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને ચકલી બચાવો અભિયાન અને વદ વાવો અભિયાન દ્વારા માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે શાહપુર ગામના યુવા સરપંચ અર્પિતભાઈ પટેલ, ટ્રસ્ટનાં અધિકારી ગણ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીશ્રીઓ તેમજ પર્યાવરણ શાખાના અધિકારીઓએ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું. શાળાના બાળકોને ચકલીના માળા બનાવવાની પ્રવૃતિ સમજાવી હતી. અને કુદરતી સંસાધનોનું સંવર્ધન અને સંરક્ષણ કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિએ વિદ્યાર્થીઓને વૃક્ષારોપણ બાદ છોડને ઉછેરવાની જવાબદારી પણ આપની છે તે બાબતે સૂચન કર્યું હતું અને શાળામાં આવનાર મહાનુભાવોનો આભાર માન્યો હતો.

સેક્ટર-૨૨ ખાતે શ્રી સાર્વજનિક ગણેશોત્સવમાં ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનું પર્ફોમન્સ યોજાયું

ગાંધીનગર,તા.૦૫

મહિલા સશક્તિકરણ અને મહિલા સ્વ-રક્ષણ અંતર્ગત ગાંધીનગરની પ્રચલિત ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થા દ્વારા શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ આયોજિત ગણેશોત્સવમાં ટેકવોન્ડોનું પર્ફોમન્સ સંસ્થાના બાળકો દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં નાન-ચાકુ, લાઠી, તલવારબાજી, નળિયા બ્રેકિંગ, ફાઇટ જેવા અનેક કરતબો બતાવવામાં આવ્યા હતાં. તેઓ લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતાં સાથે સૌ લોકો મંત્રમુગ્ધ થઇ ગયા હતાં અને બાળકોમાં પણ એક અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. ટીમનું સંપૂર્ણ સંકલન ગાંધીનગર ટેકવોન્ડો એસો. સંસ્થાનાં સેક્રેટરી મિલાપ ટાટારિઆ દ્વારા સંભાળવામાં આવ્યું હતું. સંસ્થાનાં ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી અને ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવેએ દરેક સહભાગી બાળકોને અભિનંદન પાઠવ્યા હતાં તથા શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિનાં અધ્યક્ષ નિશિતભાઈ વ્યાસને અનેક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સંસ્થા વર્ષોથી આવા અનેક પર્ફોર્મન્સ કરતી આવી છે અને કરતી રહેશે તેમ સેક્રેટરી મિલાપ ટાટારિઆ દ્વારા જણાવવામાં આવ્યું હતું જેથી ભાઈઓ, બહેનો અને દિકરીઓમાં સ્વ-રક્ષણની જાગૃતિ થાય અને પોતાનો બચાવ કરવા કટિબદ્ધ બને.

પેન્શનની વિસંગતતાઓ દૂર કરવા પેન્શનર્સ સમાજ દ્વારા રજૂઆત

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કારોબારી સમિતિની બેઠકમાં પેન્શનરોના પડતર પ્રશ્નો બાબતે સરકારમાં રજૂઆત કરવાનુ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ છે. મેડીકલ એલાઉન્સ રૂ. ૧૦૦૦ કરવા, સાતમા પગાર પંચમાં પગાર ધોરણ બાબતે જે વિસંગતતાઓ છે તેને દૂર કરવી, પેન્શનર્સના આશ્રિત અપરણિત, ત્યક્તા, વિધવા પુત્રીને ફેમિલી પેન્શન કેન્દ્ર સરકારના ધોરણે આપવા તથા મોંઘવારી ભથ્થુ કેન્દ્ર સરકાર જાહેર કરે પછી તુરંત જ એક માસમાં જાહેર કરવા સરકારને રજૂઆત કરવાનુ ઠરાવવામાં આવ્યુ છે.

પૈસાની ઉઘરાણી મુદ્દે ત્રણ શખ્સોએ યુવકને માર મારતા મૃત્યુ

સેક્ટર-૨૭-૨૮ ચાર રસ્તાથી સે-૨૮ રોડ તરફ જતા બાજુમાં આવેલા છાપરાનો બનાવ, ગત તા.૩૧ ઓગસ્ટની રાત્રે યુવકને માર માર્યો હતો

ગાંધીનગર, તા.૫

શહેરના સેક્ટર-૨૭-૨૮ ચાર રસ્તાથી સેક્ટર-૨૮ તરફ જતા રોડની બાજુમાં આવેલા છાપરા પાસે ગત તા.૩૧ ના રોજ રાત્રીના સમયે પૈસાની ઉઘરાણી બાબતે એક યુવકને ત્રણ શખ્સોએ ગડદાપાટુનો મુઢ માર મારી ગંભીર ઈજા પહોંચાડતા યુવકનું મૃત્યું નિપજયું છે. બનાવ અંગે સેક્ટર-૨૧ પોલીસ મથકે ત્રણ શખ્સો સામે ગુનો નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગ માર્ગ પર સેક્ટર-૨૭-૨૮ થી આગળ સેક્ટર-૨૮ તરફ જતા રોડ પર છાપરામાં રહેતા યુવક ભરત બચુભાઈ દંતાણીએ બે વર્ષ અગાઉ મનોજ ઈશ્વર દંતાણીને રૂ.૮ હજાર હાથ ઉછીના આપ્યા હતા.

ભરત દંતાણી આપેલા રૂપીયાની ઉઘરાણી મનોજ પાસે કરતો હતો. તેમ છતા મનોજ રૂપીયા આપતો ન હતો. જેથી ભરત પૈસા માંગતા તેની અદાવત રાખી ગત તા.૩૧ ના રોજ રાત્રીના સવા નવ વાગ્યાના અરસામાં ગ માર્ગ પર સેક્ટર-૨૮ છાપરા ખાતે મનોજ ઈશ્વર દંતાણી, ધર્મેશ ઈશ્વર દંતાણી અને કિષ્ના પ્રજાપતિ ઉર્ફે કદવો (ત્રણેય રહે ચરેડી છાપરા) પૈસાની લેવડ-દેવડ અંગે ભરત સાથે ઝઘડો કરી તેને પેટમાં ગડદાપાટુનો માર માર્યો હતો. તે ઉપરાંત ભરતને લાકડી વડે જમણા પગે સાથળ ઉપર, અને ડાબા હાથે હથેળીની નીચેના ભાગે અને પેઢા પર ગડદાપાટુનો માર મારી જતા જતા પોલીસ કેસ કરીશ તો જાનથી મારી નાંખવાની પણ ધમકી આપી હતી.ત્યારે શરીરે ગંભીર ઈજા પહોંચતા ભરત દંતાણી (ઉં.૨૭ રહે. ચરેડી છાપરા સે-૨૮)નું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે સેક્ટર-૨૧ પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઘરફોડ ચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપીને એલસીબી-૨ એ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૫

મહેસાણા જિલ્લાના એ ડીવીઝન પોલીસ મથકના ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો આરોપી રાજુભાઈ રત્નાભાઈ મંડોડ (રહે.ગુલબાર થાણા ફળીયું તા.ગરબાડા જિ-દાહોદ) ને તેના ઘરે આવેલ હોવાની એલસીબી-૨ ના એએસઆઈ જગતસિંહ અને હે.કો.વિક્રમસિંહને બાતમી મળી હતી. જેથી પોલીસે દાહોદ ખાતે કેમ્પ રાખી હ્યુમન સોર્સના માધ્યમથી ઓળખ પ્રસ્થાપિત કરી આરોપીની વોચ ગોઠવી તેના ઘરેથી ઉંઘતો પકડી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી મહેસાણા જિલ્લાના એ ડીવીઝન પોલીસ મથકને સોંપવા તજવીજ હાથ ધરી છે.

લોખંડના ફર્મા ચોરી કરનાર ટોળકી ઝડપાઈ

ગાંધીનગર, તા.૫

દહેગામ-નરોડા પોલીસ મથક વિસ્તારમાંથી લોખંડના ફર્મા ચોરીને ગુનાને અંજામ આપનાર ટોળકીને દહેગામ અંડરબ્રિજ પાસેથી એલસીબી પોલીસે પકડી પાડી છે. આ લોખંડના ફર્માચોરીમાં બે સગીર બાળકોની પણ ભુમિકા સામે આવી છે.

પોલીસે એક આરોપીની ધરપકડ કરી રૂ.૫૦ હજાર રોકડા, મોબાઈલ ફોન, અને પીકઅપ ડાલુ મળી કુલ રૂ.૩ લાખની વધુનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

ભાટ પાસે કાર-બાઈક વચ્ચે અકસ્માત : એકનું મૃત્યુ

અમદાવાદ થી કાકા-ભત્રીજો બાઈક લઈ ધોળાકુવા આવી રહ્યા હતા, ત્યારે એપોલો પાસે અકસ્માત નડ્યો, કારની ટક્કરે બંન્ને નીચે પટકાયા હતા, સિવિલમાં ભત્રીજો સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૫

ભાટ એપોલો હોસ્પિટલ પાસે કાર ચાલકે અચાનક વળાંક લઈ બાઈકને અડફેટે લીધુ હતું. આ બનાવમાં અમદાવાદ મહાનગર પાલિકામાં રોજમદાર તરીકે ફરજ બજાવતા ૫૯ વર્ષિય આધેડનું મૃત્યુ નિપજયું હતું. અકસ્માત બાદ બાઈક પરથી પટકાતા તેમના ભત્રીજાને પણ શરીરે ઈજા પહોંચી હતી.બનાવ અંગે અડાલજ પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદ નિકોલ ખાતે રહેતા ધર્મેન્દ્ર વાઘેલાએ નોંધાવેલી ફરીયાદ મુજબ તેના કાકા અમરતભાઈ મોહનભાઈ વાઘેલા(રહે-ધોળાકુવા) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા હતા. ગત તા.૩ ના રોજ ધર્મેન્દ્ર બાઈક લઈને ધોળાકુવા આવ્યો હતો અને રાત્રે રોકાઈ ગયો હતો.

ગઈકાલે તેના તેના કાકા અમરતભાઈએ નોબલનગર કામ અર્થે જવાનું કહેતા તેઓ અમદાવાદ ગયા હતા. કાકા-ભત્રીજા કામ પુરુ થઈ જતા ધોળાકુવા આવવા માટે નીકળ્યા હતા. તે સમયે બાઈક ધર્મેન્દ્ર ચલાવી રહ્યો હતો. સાંજના સવા છ વાગ્યાના અરસામાં ભાટ એપોલો હોસ્પિટલ નજીકથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે એક કાર ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે કાર હંકારી અચાનક એપોલો હોસ્પિટલ તરફ જવા માટે વળાંક લેતા કાર બાઈકને ટકરાઈ હતી. જેથી બાઈક પર રહેલા કાકા-ભત્રીજા માર્ગ પર પટકાયા હતા. જયારે કાર ચાલકે કાર સાઈડમાં ઉભી રાખી હતી.ત્યારબાદ બંને ઈજાગ્રસ્તને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાયા હતા. જયા ફરજ પરના તબિબે ચકાસીને અમરતભાઈને મૃત જાહેર કર્યા હતા. જયારે ધર્મેન્દ્ર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

એલસીબી પોલીસે માણસા-લોદરા રેઈડ પાડી દારૂ-બિયરનો જથ્થો ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા માણસા નવાકુવા વાસ અને લોદરા ગામે બે વિવિધ સ્થળે દારુની રેઈડ પાડી બે શખ્સોને પકડી પાડ્યા છે. પોલીસને બે શખ્સો પાસેથી દારૂ-બિયરનો જથ્થો બોટલ નંગ કુલ-૩૪૪, મોબાઈલ ફોન નંગ-૨, તેમજ ક્રેટા ગાડી સહિત કુલ રૂ.૧૧,૭૬,૦૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સિવિલના પાર્કિંગમાંથી આધેડનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી એક અંદાજે ૫૦ વર્ષીય આધેડનો મૃતદેહ મળી આવ્યો છે. ભિક્ષુક જેવા લાગતા આધેડનો મૃતદેહ અંગે સિવિલ તંત્રએ પોલીસને જાણ કરતા પોલીસે મૃતદેહ પીએમ અર્થે મોકલી આપી મૃતક આધેડના વાલી-વારસોની શોધખોળ પોલીસે હાથ ધરી છે.

રાંધેજા બાંધકામ સાઈટ પરથી પટકાતા ૧૦ માસની બાળકી ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના રાંધેજા ખાતે આવેલી બાંધકામની સાઈટ પરથી ચોથા માળેથી ૧૦ માસની બાળકી રમતા-રમતા નીચે પડી જતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. બાળકીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લાવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખાતે ખસેડાઈ હતી.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ગરબા તાલીમનું આયોજન

ગાંધીનગર, તા. ૫

તારીખ: ૧૧ સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર દરમ્યાન ૧૦ થી ૧૩ વર્ષના બાળકો માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ગરબા તાલીમ કાર્યશાળાનું આયોજન કર્યું છે. આ કાર્યશાળા દરરોજ સાંજે ૪ થી ૬ વાગ્યા દરમ્યાન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ઓપન હોલમાં યોજાશે. જેમાં ગુજરાતની જાણીતી સંસ્થા પનઘટ કલા કેન્દ્રના ખ્યાત કલાકારો ઉપસ્થિત રહી ગરબાની તાલીમ આપશે. આ કાર્યશાળાની રજિસ્ટ્રેશન ફી રૂ. ૧૦૦/- છે. આપ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સેક્ટર-૨૦ ખાતે રૂબરું આવીને રજીસ્ટ્રેશન કરાવી શકશો.

વાંચે ગુજરાતની વાતો કરતી સરકાર ગ્રંથપાલોની ભરતી કરવામાં ઉદાસીન

ગ્રંથપાલ બેરોજગાર મંચે ૮૯ વખત સરકારમાં રજૂઆત કરી પરંતુ કોઈ જ ઉકેલ કે નિર્ણય સરકારે કર્યો નથી

ગાંધીનગર, તા. ૫

ગ્રંથપાલ એ શૈક્ષણિક વિભાગ માટે ખૂબ જ અગત્યનું ઘટક છે. તેમ છતાં ગુજરાતમાં મોટા ભાગની શાળા-કોલેજો અને યુનિવર્સિટીમાં ગ્રંથપાલ વિના જ ગાડુ ગબડાવવામાં આવી રહ્યું છે. છેલ્લા ૩૦ વર્ષોથી શાળા-કોલેજ અને યુનિવર્સિટીમાં ગ્રંથપાલની જગ્યા ખાલી છે. છેલ્લા બે દાયકાથી ગુજરાતની અનુદાનિત કોલેજમાં ગ્રંથપાલની ૩૫૭માંથી ૨૬૦ જગ્યા ખાલી છે. સરકારી કોલેજમાં ૧૧૫માંથી ૫૭ જગ્યા ખાલી છે. શાળાના ગ્રંથપાલોમાં ૫૬૦૦ જગ્યા ખાલી છે. ૨૮ સ્ટેટ યુનિવર્સિટીમાંથી માત્ર ૨ જ યુનિવર્સિટીમાં ગ્રંથપાલ છે. બાકીની ૨૬માં આસિસ્ટન્ટ અને હંગામી ધોરણે ચલાવાય છે. ગુજરાતના વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પાછળ હોવાનું એક કારણ આ પણ છે. કારણ કે પ્રાથમિક શાળાઓમાં ગ્રંથપાલ શું છે એ પણ વિદ્યાર્થીઓને ખબર નથી. ગુજરાત રાજ્યમાં વિધાનસભા ૨૦૨૨ને લઈને ચૂંટણીના એંધાણ વર્તાઈ રહ્યા છે ત્યારે અલગ અલગ પ્રશ્નોને લઈને ગુજરાતના બેરોજગારો પણ હવે આક્રમક બન્યા છે. ગ્રંથપાલ બેરોજગાર મંચે ૮૯ વખત સરકારમાં રજૂઆત કરી પરંતુ કોઈ જ ઉકેલ કે નિર્ણય સરકારે કર્યો નથી.

અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખ ગ્રંથપાલની વરણી કરે છે

વિશ્વની સૌથી મોટી 'લાયબ્રેરી ઓફ કોંગ્રેસ' અમેરિકાની છે. તેના ગ્રંથપાલની વરણી અમેરિકાના પ્રમુખ કરે છે અને શપથ લેવડાવે છે. જેનાથી ગ્રંથપાલનું મહત્વ સમજાય છે. ગુજરાતમાં શિક્ષણમંત્રી અને મુખ્યમંત્રી કોઈ સરકારી શાળા, કોલેજની ગ્રંથપાલનું ઉદ્ઘાટન કરતા ભાગ્યે જ જોવા મળે. રાજ્યના ૭૦ ટકા ગરીબ વિદ્યાર્થીઓ સરકારી શાળા, કોલેજમાં અભ્યાસ કરે છે. ત્યાં ગ્રંથપાલ કે ગ્રંથાલયો જ નથી.

રાજ્યમાં ખાલી પડેલી જગ્યાઓનો ડેટા

- ગુજરાતની અનુદાતિત કોલેજમાં ગ્રંથપાલની ૩૫૭ માંથી ૨૬૦ જગ્યા ખાલી
- સરકારી કોલેજમાં ૧૧૫માંથી ૫૭ જગ્યા ખાલી (૫૦ ટકા)
- શાળા ગ્રંથાલયોમાં ૫૬૦૦ જગ્યા ખાલી
- ૨૮ સ્ટેટ યુનિવર્સિટીમાંથી માત્ર ૨ જ યુનિવર્સિટીમાં ગ્રંથપાલ છે. બાકી ૨૬માં આસિસ્ટન્ટ અને હંગામી ધોરણે ચલાવે છે.
- મેડિકલ કોલેજમાં ગ્રંથપાલની ૯૫ ટકા જગ્યા ખાલી
- એન્જીનિયરીંગ કોલેજમાં ગ્રંથપાલની ૧૦૦ ટકા જગ્યા ખાલી
- આયુર્વેદમાં કોલેજમાં ૭૦ ટકા જગ્યા ખાલી
- જાહેર ગ્રંથાલયમાં ૮૦ ટકા જગ્યા ખાલી
- સેન્ટ્રલ લાયબ્રેરીમાં ગ્રંથાલય નિયામકની જગ્યા ખાલી
- દરેક સરકારી યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ લાયબ્રેરીયન અને ડેપ્યુટી લાયબ્રેરીયન અને ટેકનીકલ જગ્યાઓ ખાલી.